# ભલાઇનો બદલો



કાશીપુરા નામે એક ગામ હતું.

એ ગામમાં એક દિવસ લાકડાના પગવાળો એક સિપાહી ગયો. એ બિચારા સિપાહીનો એક પગ લડાઇમાં કપાઇ ગયો. ગામમાં પેસતાં બરાબર જ એ માંદો થઇ ગયો. એ ખૂબ ગરીબ હતો. ખાવા માટે પણ પાસે પૈસા ન હતા.

આથી ગામના સીમાડે આવેલા એક મુસાફરખાનામાં એ ગયો. એને ખૂબ તાવ ચડેલો હતો. આખું શરીર લોઢાની માફક ધખતું હતું. મુસાફરખાનાની નજીકથી નાનકડી તિલા રમતી રમતી જતી હતી. લાકડાના પગવાળા સિપાહીની આવી ખરાબ દશા જોઇ, એને ખૂબ દયા આવી.

તિલા એલ ગરીબ માણસની દીકરી હતી. એનો બાપ વાંસડાની ચીપોની ટોપલીઓ બનાવી પોતાનું ગુજરાન ચલાવતો હતો. ગરીબ હોવા છતાં તિલાનું મન ગરીબ ન હતું. રોજ તિલા એ ગરીબ સિપાહીની ખબર કાઢવા મુસાફરખાનામાં આવવા લાગી.

દરરોજ એ એક આનો પોતાની સાથે લાવતી અને પેલા સિપાહીને આપતી. સિપાહીએ બે-ચાર દિવસ સુધી તો તિલાએ આપેલો આનો લીધો.

પણ એક દિવસે, મુસાફરખાનાના રખેવાળે તિલાનાં માતા-પિતા ખૂબ ગરીબ છે, એવું જણાવી દીધું. આથી બીજે દિવસે તિલા જેવી પેલા સિપાહીના હાથમાં આનો મૂકવા ગઇ કે તરત જ, પેલા

સાચાબોલા સિપાહીએ આનો લેવાની ના પાડી.
એ કહે: 'દીકરી! મારા માટે તને આટલી બધી દયા આવે છે, એ જોઇને મને ખૂબ આનંદ થાય છે. ભગવાન તારું ભલું કરશે. પણ બહેન! તમે લોકો આટલાં ગરીબ છો અને હું તમારા થોડા પૈસામાંથી પણ એક આનો રોજ લઉં, એ તો સારું ન કહેવાય! હું ભગવાનના ઘરનો ગુનેગાર ગણાઉં. મારા પેટ માટે તમારા પેટ પર ઉપર પગ ન મુકાય. એવું કરવા કરતાં તો મારે ભૂખે મરી જવું વધુ સારું!'
તિલા હસતાં હસતાં કહેવા લાગી : 'સિપાહીકાકા! એની તમે જરા પણ ચિંતા ન કરશો. હું જે આનો તમને રોજ આપું છું, તે મારે ઘેરથી નથી લાવતી. હું આ ગામથી થોડે દૂર આવેલી નિશાળમાં ભણું છું. એ ગામમાં જવા માટે એક ગીચ ઝાડીમાંથી પસાર થવું પડે છે. એ ઝાડીમાં જાંબુડાંનાં ઝાડ છે. આ મોસમ જાંબુડાંની છે. ઝાડ નીચે ખૂબ બધાં જાંબુડાં ખરેલાં હોય છે.
'એ બધાં જાંબુડાં હું ભેગાં કરું છું. મારી નિશાળ જે ગામમાં આવેલી છે, તે ગામની બજારમાં જઇને એ વેચી નાખું છું. એમાંથી મને રોજ એક-બે આના મળે છે. આમ મારી જાતમહેનતથી તમારે માટે પૈસા લાઉં છું. માટે તમે જરા પણ મનમાં લાવશો નહીં.'
સિપાહી કહે : 'એ ખરું! પણ તારે એ પૈસા તારાં મા-બાપને આપવા જોઇએ.'
તિલા અધવચ્ચે જ બોલી ઊઠી : 'સિપાહીકાકા! મેં મારાં માતા-પિતાને હું રોજ આ રીતે કમાઉં છું, એમ કહેલું છે જ. એમના કહેવાથી જ હું તમને રોજ આ રીતે એક આનો આપું છું. અમે ગરીબ છીએ; પણ બીજાનું દુ:ખ અમે સમજી શકીએ છીએ. તમે માંદા હતા. તમારામાં તાકાત ન હતી. તમે કશું ખાધું ન હતું એટલે મેં તમને આ રીતે મદદ કરી હતી. તમારે આથી જરા પણ ખોટું લગાડવું ન જોઇએ. ઊલટું, તમે મારો આનો નહીં લો તો મને ખૂબ માઠું લાગશે.'
સિપાહી ગળગળો થઇ ગયો. એની આંખમાં ઝળઝળિયાં ઊભરાયાં. એની રૂપેરી દાઢી ઉપર થઇ આંસુ સરકતાં હતાં.
તિલાની પોતાને માટેની મમતા અને લાગણી જોઇ એ ગળગળો બની ગયો.
તિલાના માથે હાથ ફેરવતાં ફેરવતાં એણે ભગવાનને વિનંતી કરી કે, 'હે ભગવાન!
આ નાનકડી બાલિકાનું તું હરહંમેશ ભલું કરજે એને એની ભલાઇનો તું જરૂર બદલો આપજે.'
થોડા દિવસ બાદ, એક દમામદાર મોટર એ ગામમાં આવી પહોંચી. પેલા મુસાફરખાન પાસે પાણી લેવાને માટે એ થોભી હતી. મોટરનો માલિક બહાર લટાર મારતો હતો. એ ખૂબ ઘરડો, પણ તાકાતવાન જણતો હતો. એનાં કપડાં સિપાહીઓના મોટા અમલદાર જેવાં દેખાતાં હતાં.
મુસાફરખાનાના રખેવાળે આ અમલદારને પેલા માંદા ગરીબ સૈનિકની વાત જણાવી. અમલદાર એ સિપાહીને જોવા મુસાફરખાનામાં ગયો.
પેલા સિપાહીએ બધી વાત જણાવી. તિલાએ કેવી રીતે મહેનત કરી, જાંબુ વેચી, પોતાને મદદ કરી

છે, એ બધી વાત તેણીએ જણાવી.

પેલો અમલદાર નાનકડી તિલાની ભલમનસાઇ, દયા અને મમતા જોઇ ખુશ થઇ ગયો. એણે પેલા સિપાહીને ઓળખી કાઢ્યો. જે લડાઇમાં એ સેનાનો ઉપરી હતો, એ સેનામાં જ પેલો લાકડાના પગવાળો સિપાહી નોકરી કરતો હતો. લડાઇમાં એણે ભારે નામના મેળવીહતી. લડતાં લડતાં એનો પગ કપાઇ ગયો હતો, એ વાત પણ એને સાંભરી આવી.

એણે ખૂબ બધા રૂપિયા પેલા સિપાહીને આપી, પોતાની મોટરને તિલાના ઘર તરફ લેવડાવી.

તિલાને ઘેર જઇને એણે પાંચસો રૂપિયા ભરેલી એક થેલી તિલાના હાથમાં આપી.

તિલાએ અને એનાં માતા-પિતાએ એ લેવાની ખૂબ ના પાડી; અમલદાર એકનો બે ન થયો. એણે તિલાંને ખૂબ શાબાશી આપી, અને જે નિશાળમાં તિલા ભણતી હતી, એ નિશાળમાં એના ભણવાની કોઇ ફી જ ન લે, એવી ગોઠવણ પણ એણે કરી. તિલાની ભલાઇનો બદલો એને આમ પૂરેપૂરો મળી ગયો. માટે જ કહેવત છે કે, ‘કર ભલા સબકા ભલા, તેરા ભલા હો જાયેગા!’